મોડાસા આર્ટસ કોલેજ પાછળથી આઠ શકુનીયો ઝડપાયા

૮૩,૩૮૦ રૂ.નો મુદ્દામાલ જપ્ત : તમામ જુગારીઓ જેલ હવાલે

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં અસામાજીક પ્રવૃત્તિઓએ માઝા મુકી છે. થોડાક સમય અગાઉ કોલેજ રોડ પરથી ૯ નબીરાઓ જુગાર રમતા ઝડપાયાની સાહી શુકાઈ નથી ત્યાં ગઈકાલે સાંજના અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે બાતમીના આધારે મોડાસા આર્ટસ કોલેજની પાછળથી ૮ શકુનિયો જુગાર રમતા ઝડપી લીધા હતા. મોડાસા એલસીબી પોલીસે ૮૩,૩૮૦ રૂ.નો મુદ્દામાલ ઝપ્ત કરી જુગારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા શહેરની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની પાછળ બેરૂન્ડા રોડ પર મોહમ્મદરફીક યુસુફમીયા શેખ (રહે. મોડાસા) પોતાના ખેતરમાં ઓરડી બનાવી જુગાર રમાડતો હોવાની બાતમીના આધારે મંગળવાર સાંજના ૪ વાગ્યાની આસપાસ અરવલ્લી જિલ્લા એલસીબી પી.આઈ. પી.કે. પટેલ અને તેમની ટીમે દરોડો પાડતાં ઓરડીમાં ગંજીપાનો હારજીતનો જુગાર રમતા જુબેર આઈ. સુથાર મા. રફીક ઉર્ફ ઘાટી ઈપ્રોલીયા, સિકંદર અહેમદ ખેરાડા, માં. સલીમ મુસાભાઈ સિંધવા, માં. ઈન્દ્રીશ ઈપ્રોલીયા, ફકીરમાં યુ. ગુજરાતી, સિકંદર ઈબ્રાહીમ સુથાર, ઈમરાન ગુલામ પટેલ (તમામ રહે. મોડાસા) નબીરાઓ ઝડપાઈ ગયા હતા. અચાનક એલસીબી પોલીસે રેઈડ કરતાં તમામ નબીરાઓની આંખો પહોળી થઈ ગઈ હતી. ઓરડીમાંથી જુગાર રમતા ૮ શકુનિઓ પાસેથી ૩૫,૩૬૦ની રોકડ, મોબાઈલ ફોન ૮ મળી કુલ રૂ. ૮૩૩૮૦ નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો અને ઝપાયેલા તમામ ૮ નબીરાઓ સામે પોલીસે કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

મોડાસામાં ૩ કલાકમાં ૬૫ મીમી વરસાદ વરસતા જળબંબાકારની સ્થિતિ

મોડાસા, તા.૧૭

અરવલ્લી જિલ્લામાં કાળઝાળ ગરમી અને અસહ્ય બફારાથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા હતા. મંગળવાર સાંજના સમયે સમગ્ર જિલ્લામાં મેઘરાજાએ મન મુકીને વરસતાં જિલ્લાના વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. મેઢાસણ પંથકમાં વાવાઝોડા સાથે સાંબેલાધાર વરસાદ ખાબકયો હતો. મોડાસા શહેરમાં વરસાદથી શહેરના મુખ્યમાર્ગો અને સોસાયટી વિસ્તારોમાં જળબંબાકાર સ્થિતિનું નિર્માણ થયું હતું.

અરવલ્લી જિલ્લામાં મંગળવારે સાંજના સમયે આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઉમટી પડયા હતા.જિલ્લામાં મેઘગર્જના સાથે વરસાદનું આગમન થઈ ધીમે ધીમે જોર પકડતાં સાંબેલાધાર વરસાદ તૂટી પડતાં ઠેર ઠેર ગામડાઓમાં પાણી ભરાયા હતા અને વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. મોડાસા તાલુકાના મેઢાસણ પંથકમાં વાવાઝોડા સાથે વરસાદ પડતા મેઢાસણ પંથકના ૨૦થી વધારે ગામડાઓમાં વીજળી ડુલ થઈ ગઈ હતી. જેના લીધે પ્રજાજનોમાં રોષ ભભૂકી ઉઠયો હતો. મેઘરજ તાલુકાના મોટી મોયડી અને અન્ય વિસ્તારોમાં પણ વરસાદી ઝાપટા પડયા હતા.

(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લામાં અન્ય વિસ્તારોમાં પણ વરસાદી છાંટા પડયા હતા.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં બપોર પછી આકાશમાં કાળા ડીબાંગ વાદળાએ જમાવટ કરી સાંજના સમયે વરસાદ તુટી પડતાં ત્રણ કલાકની અંદર ૬૫ મીમી વરસાદ ખાબકતાં શહેરના મુખ્યમાર્ગો અને રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાયા હતા અને શહેરના મુખ્યમાર્ગો પર જળબંબાકારી જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું.

શામળાજીના મેરાવાડા ગામ નજીક ટ્રકની પાછળ ટ્રક ઘુસી જતાં એકનું મોત

અરવલ્લી જિલ્લામાં અકસ્માતમાં મોત નિપજવાની ઘટનાઓ થંભી ગઈ હતી. ગઈ કાલે રાત્રીના સમયે શામળાજી નજીક આવેલ મેરાવાડા ગામની સીમમાં આગળ જઈ રહેલા ટ્રકની પાછળ ટ્રક ઘુસી જતાં ટ્રકના કલીનરનું શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા મોત નિપજયું હતું. અકસ્માતના પગલે દોડી ગયેલી શામળાજી પોલિસે અકસ્માતનો ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

જેમાં પાછળથી ઘુસેલા ટ્રકના કલીનરનું મોત નિપજયું હતું. રાજસ્થાનથી અમદાવાદ જતાં નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા મેરાવાડા ગામની નજીક ઉદેપુરથી અમદાવાદ જતી ટ્રક (ગાડી નં. આરજે ૨૭ જી એ ૮૭૩૩)ની પાછળ પૂર ઝડપે ગફલતભરી રીતે બેદરકારી પૂર્વક હંકારી ટ્રક (ગાડી નં. આર.જે. ૨૭ ૧ જી ૦૬૯૧)ના ટ્રક ચાલક દિનેશભાઈ લક્ષ્મીલાલ મીણા (રહે. કિશનપોલ ખાજીપીર ઉદેપુર રાજસ્થાન)એ પાછળથી ટકકર મારતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં પાછળની ટ્રકમાં કન્ડકટર તરીકે બેઠેલા પંકજભાઈ ખાતુભાઈ મીણા (ઉ.વ.૧૭ રહે. ખાડી ઓબરી, તા. ખેરવાડા, રાજસ્થાન)ના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા મોત નિપજયું હતું. અકસ્માતના પગલે આગળના ટ્રકનો ચાલક અને કલીનર ગભરાઈ નાસી ગયા હતા. શામળાજી પોલિસ સ્ટેશનના પી. એસ. આઈ. ઉદાવતને થતાં તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી અકસાતમાં મોતને ભેટેલા યુવાનને શામળાજી રેફરલ હોસ્પિટલમાં પી.એમ. માટે મોકલી આપી અકસ્માતે મોતનો ગુન્હો નોંધી દિનેશભાઈ લક્ષ્મીલાલ મીણાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મહેસાણા જિલ્લામાં વિશ્વ યોગ દિવસ

મહેસાણા, તા. ૧૭

મહેસાણા જિલ્લામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી ૨૧ જૂન ૨૦૧૫ના રોજ જિલ્લાના ૧૫૦૦ થી વધુ સ્થળો યોજાનાર છે. જેમાં ૪ લાખથી વધુ શિબિરાર્થીઓ ભાગ લેનાર છે. જિલ્લામાં વિશ્વ યોગ દિવસની જિલ્લા કક્ષાએ ઉજવણી પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે થનાર છે. આ ઉપરાંત શહેરી, ગ્રામ્ય સામાજિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, વિવિધ મંડળો, એસોસિએશનો સહિત જિલ્લાના તમામ સ્થળોએ યોગ દિવસની ઉજવવાનું નક્કી કરેલ છે. જિલ્લામાં યોગ દિવસની ઉજવણી સવારે ૭.૦૦ કલાકથી લઈને ૭.૩૩ કલાક સુધી થનાર છે. ૩૩ મિનિટમાં યોગ દિવસની ઉજવણી છ ભાગમાં થનાર છે. જે અંગેની માહિતી મેળવી છે.

પ્રથમ વિશ્વ યોગ દિવસ ૩૩ મિનિટમાં યોજાનાર છે. આ કાર્યક્રમને છ ભાગમાં વિભાજીત કરાયેલ છે. ભાગ-૧માં ૨ મિનિટ શ્લોકનું ગાન થનાર છે. ભાગ ૨ માં ૩ મિનિટના કાર્યક્રમ વાર્મિંગ માટે છે. જેમાં ગરદન, ખભા અને કાંડાનું પરિભ્રમણ કરાશે. ભાગ ૩નો કાર્યક્રમ ૧૫ મિનિટનો રહેશે જેમાં અ. ભાગમાં પાંચ આસાનો કરવામાં આવશે. પ્રથમ તાડાસનથી ઉંચાઈ વધારવામાં, ખભા, ઘુંટી, પગના પંજાઓ મજબુત બને છે. ફેફસાંની કાર્યશક્તિ વધે છે અને છાતીનો વિકાસ થાય છે.

બીજુ વૃક્ષાસન થકી પગ મજબુત બને છે. ખભા અને ઘુંટીની સપ્પાઈ દૂર થાય છે. થાક ઝડપથી દૂર થાય છે. પગનો અને સાંધનો દુખાવો દૂર થાય છે. ત્રીજુ પાદ-હસ્તાસન થકી પેટ, પેઢું, સાથળ, પિંડોના સ્નાયુઓ તથા અસ્થિબંધન મજબુત બને છે. પેટ અને પેઢાના અવયવોની કાર્યક્ષમતા વધે છે. કમર પાતળી બને છે અને કરોડ રજ્જુ સ્થિતિસ્થાપક બને છે. અજીર્ણ, મધુપ્રમેણ, હરસ, પીઠનો દુખાવો અને મુત્રની તકલીફો અટકાવી શકાય છે. ચોથા અર્ધચક્રાસન થકી હાથ, પગ, શરીર અને ખાસ કરીને પીઠ મજબુત બને છે. કરોડની ચેતાઓ સતેજ બને છે. છાતીનો વિકાસ અને ફેફસા શક્તિ સંપન્ન બને છે. પેટ અને પેઢાના તમામ અવયવોની કાર્યસક્તિ વધે છે. અને પાંચમા ત્રિકોણાસનથી ગરદન, પીઠ, નિતંબ અને પગના સ્નાયુઓ મજબુત બને છે. શરીર પર જામેલી ચરબી દૂર થાય છે. છાતીનો વિકાસ થાય છે. પેટના સ્નાયુઓ મજબુત બનવાથી પેટની તકલીફો દૂર થાય છે. પીઠ અને પેટનો દુખાવો મટે છે.

બ વિભાગમાં ત્રણ આસાનો કરવામાં આવનાર છે. જેમાં પ્રથમ ભદ્રાસનથી જનેન્દ્રિયોપર પ્રભાવ પડવાથી મુત્રદ્વાર ધાતુક્ષય અટકે છે. ગર્ભાશય, શુક્રગ્રંથીઓ અને પુરૂષાતન ગ્રંથીઓની નિર્બળતા દૂર થાય છે. સ્વપ્ન દોષ નિવારવા માટે આસન મદદરૂપ છે. બીજા શંકાસન થકી પેટના સ્નાયુ શક્તિ સંપન્ન બને છે અને પેટના તમામ અવયવો વધુ કાર્યક્ષમ બને છે. પેટની ચરબી ઘટે છે. મળાવરોધ, અજીર્ણ અને ઘુંટણનો દુખાવો દૂર થાય છે. તેમજ ત્રીજા અર્ધ ઉષ્ટાસનથી છાતીનું પીંજરામાં વિકાસ થાય છે. કરોડની શક્તિ વધી સ્થિતિસ્થાપક બને છે. મળઅવરોધક દૂર થઈ પીઠના દુઃખાવામાં રાહત થાય છે. ચોથા વક્રાસનથી ખભા અને ઘુંટણના સાંધા નરમ બને છે તેમજ મધુપ્રમેહ રોગમાં ખુબજ ફાયદાકારક છે.

શાન્તીપુરાના યુવાનનું વિજકરંટ લાગતા મોત

પ્રાંતિજ, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વદરાડ પાસે શાન્તીપુરા ગામના યુવાનને વિજકરંટ લાગતાં તેનું ઘટના સ્થળે મોત નિપજયું હતું.

પ્રાંતિજ પોલિસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકાના શાન્તીપુરા ગામે રહેતા નિકુલસિંહ આદરસિંહ રાઠોડ ઉ.વર્ષ ૩૫ કે જેવો વદરાડ ગામની સીમ પાસે આવેલ કેશુભાઈ મગનભાઈ પટેલના ખેતર પાસેથી પસાર થતા હતા તેવામાં તેમને અચાનક વિજ કરંટ લાગતા તેમનું ઘટના સ્થળે મોત થયું હતું.

કમાલપુર ગામે ઘર આંગણેથી બાઈક ચોરાયું

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કમાલપુર ગામેથી ઘર આગળ પાર્ક કરેલ બાઈક ચોરાતા પોલીસ ફરીયાદ થઈ હતી. પ્રાંતિજ પાસે આવેલ કમાલપુર ગામે રાત્રીના સમયે ઘર આગળ પાર્ક કરેલ બાઈક નં. જીજે૯સીઈ-૩૧૧૭ કાળા કલરની બાઈક જેની કિંમત ૩૦,૦૦૦ કોઈ અજાણ્યા ઈસમો ચોરી કરી લઈ જતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર પટેલ રમેશભાઈ સોમાભાઈની ફરીયાદના આધારે પોલીસે ફરીયાદ લખી પ્રાંતિજ પોલીસે અજાણ્યા બાઈક ચોર ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠામાં હાઈ-વે પર ચાલુ ટ્રકે અનાજ ચોરતી ટોળકીનો ભારે તરખાટ

ધાનેરા, તા.૧૭

બનાસકાંઠાના ધાનેરા-થરાદ હાઈ-વે પર ચાલુ ટ્રકે ચોખાની બોરી ચોરતી ગેંગનો તરખાટ ચિંતાજનક રીતે વધી રહ્યો છે. આથી વેપારી આલમમાં ભયનો માહોલ ઉભો થયો છે.

બનાસકાંઠા જિલ્લાના અનેક તાલુકામાં છેલ્લા ઘણા સમયથી હાઈ-વે પર અનાજની ચોરી કરતી ગેંગ સક્રીય બની છે. આ અનાજ ચોરતી ગેંગ ફિલમી ઢબે ચાલુ ટ્રકમાંથી જ ઘઉં, ચોખા અને જીરૂની બોરી બિન્દાસપણે સેરવી લે છે. જયારે હાઈ-વે પર ઢાબા કે હોટલ પર પાર્ક કરેલ અનાજ ભરેલી ટ્રકમાંથી પણ ખુબ જ ચપળતા પૂર્વક ચોરી કરી પલાયન થઈ જાય છે. આ અનાજની ચિંતાજનક ચોરી સામે વેપારીઓને ભારે નુકશાન વેઠવાનો વારો આવે છે. પરિણામે વેપારીઓમાં રોષ જોવા મળ્યો છે. વધતી જતી અનાજ ચોરીને રોકવા જિલ્લા પોલિસ તંત્ર સક્રિય બની અનાજ ચોરતી ગેંગને ઝડપી પાડે તેવી માંગ વેપારીઓ કરી રહ્યા છે.

મોડાસાના નવજીવન ચોક અને કડીયાવાડા રોડ પર ભુવા પડ્યા

પ્રજાજનો અને દુકાનદારો ભયભીત

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં મોડાસા નગરપાલિકા દ્વારા નવજીવન ચોક અને કડીયાવાડા માર્ગ પર વરસાદી પાણીના નિકાલ માટે નવિન ગટર યોજના અંતર્ગત ત્રણ મહિના અગાઉ કરોડો રૂપિયાનો ધુમાડો કરી ગટરોનું નિર્માણ કરવામાં આવ્યું છે. ત્યારે ગઈકાલે રાત્રે પડેલા વરસાદથી નવજીવનચોક અને કડીયાવાડા રોડ પર ભુવાઓ પડતાં મોડાસાના નગરજનો અને દુકાનદારો ગટરમાં ગરકાવ થઈ જવાના ભયથી ચિંતિત છે.

મોડાસા નગરપાલિકા દ્વારા ત્રણ મહિના અગાઉ વરસાદી પાણીના નિકાલ માટે મોડાસાના હાર્દસમા નવજીવન ચોક અને મોડાસા ગામમાં જવાના અને ૭ મોટી ખાનગી હોસ્પિટલો આવેલી છે તેવા કડિયાવાડા રોડ પર ત્રણ મહિના અગાઉ મોડાસા ન.પા. દ્વારા ભુગર્ભ ગટર યોજનાનું નિર્માણ અંતર્ત મુખ્યમાર્ગો ખોદીને ગટરલાઈનો નાખી ગટરનું કામકાજ પૂર્ણ કરી સંતોષ માનવામાં આવ્યો હતો. નગરપાલિકાએ ભુગર્ભ ગટર યોજનામાં ભારે ખાયકી કરી અથવા ગંભીર બેદરકારી દાખવતાં ગટરયોજનાના ધારાધોરણ જાળવ્યા વગર હલકી કક્ષાના મટેરીયલનો ઉપયોગ કરી ગટરલાઈનનું કામકાજ પુર્ણ કરવામાં આવ્યું હતું. ગઈકાલે સાંજના પડેલા વરસાદથી નવજીવન ચોકના મોડાસા-હિંમતનગર રાજ્યમાર્ગની નજીક જ મસ મોટા ભુવાઓ પડી ગયા હતા. સામાન્ય વરસાદમાં નવજીવન ચોકના મુખ્યમાર્ગો પર ભુવાઓ પડતા નગરપાલિકા દ્વારા કરવામાં આવેલા ગટરના નિર્માણ સામે પ્રજાજનોમાં અનેક પ્રશ્નો ઉદ્‌ભવ્યા છે. નવજીવન ચોકમાં પડેલા ભુવાઓથી નવજીવન ચોકમાં ખરીદી કરવા આવતા જિલ્લાવાસીઓ અને દુકાનદારોમાં ભય સાથે રોષ ફેલાયો હતો. કડીયાવાડા માર્ગ પર પણ બસસ્ટેન્ડની સામેના જ બસસ્ટેન્ડથી કડિયાવાડા જવાના મુખ્યમાર્ગ પર જ ત્રણ ભુવાઓ પડતાં કડીયાવાડા, ભાવસારવાડા, ચોરા, હોસ્પિટલમાં સારવાર લેવા આવતા દર્દીઓ અને સંબંધીઓના જાન જોખમાય તેવી સ્થિતિનું સર્જન થયું છે.

કડીયાવાડા નજીક પાનપાર્લર ધરાવતા પાર્લર માલિકના જણાવ્યા અનુસાર આજે વહેલી સવારે બે મહિલાઓ ભુવાથી અજાણ હોવાથી ભુવામાં પડતાં શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી હતી. કડીયાવાડા રોડ પર પડેલા ભુવાઓ અંગે મોડાસા નગરપાલિકા તંત્રને જાણ કરવા છતાં નગરપાલિકાના તંત્રનું પેટનું પાણી હલતુ ન હોય તેમ કડીયાવાડ રોડની ઉપેક્ષા કરવામાં ાવી રહી છે. વરસાદમાં વરસાદી પાણી ભરાયેલા ભુવાઓ નજરે ન ચડતાં મોટી દુર્ઘટના બનવાની અથવા જાનહાની થવાનો ભય પેદા થયો છે.

મોડાસા નગરપાલિકા દ્વારા નવજીવન ચોકમાં પડેલા ભુવાઓ પુરવા મંથરગતિએ કામકાજ શરૂ કરવામાં આવ્યું છે. જ્યારે કડીયાવાડા રોડ પર પડેલા ભુવાઓ એમના એમ જ રહેતાં કડીયાવાડ અને બસસ્ટેન્ડ નજીક દુકાન માલિકોમાં રોષ વ્યાપ્યો છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

પાલનપુર નજીક ટ્રક પાછળ બાઈક ઘુસી જતા બી.એસ.એફ. જવાનનું મોત

પાલનપુર, તા.૧૭

પાલનપુર ડીસા હાઈવે પર જોડનાપરા પાટીયા પાસે આજે બાઈક પર જતા બીએસએફ જવાનની બાઈક ટ્રક પાછળ ઘુસી ગઈ હતી જેથી જવાનનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું. જયારે અન્ય બાઈક સવારને ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર પાટણ જિલ્લાના છાપરા ગામમાં ચંપકભાઈ ચંદુભાઈ વઘેલા (ઉ.વ. ૩૦) પોતાના પરીવાર સાથે રહે છે અને દાંતીવાડા સ્થિત બીએસએફમાં ફરજ બજાવે છે. આજે બીએસએફ જવાન ચંદુભાઈ પોતાના બાઈક પર પાલનપુરથી દાંતીવાડા તરફ તેમના એક મિત્ર સાથે જતા હતા દરમિયાન ડીસા હાઈ-વે પર જોડનાપરા પાટીયા પાસે એક ટ્રકની પાછળ અચાનક જ બાઈક ઘુસી જતા જવાનનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું. જયારે અન્ય એક યુવાનને ગંભીર ઈજાઓ થતા તેને સ્થાનિક સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અકસ્માત અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભિલોડાના નારણપુરથી ભિલોડા કંપા સુધીના માર્ગનું હલકી ગુણવત્તાનું સમારકામ થતા બુમરાણ

ભિલોડા,તા.૧૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નારણપુર-નવી વસવાટથી ભિલોડા કંપા સુધીના માર્ગનું અંદાજીત ૩ કિ.મી.થી વધુનું સમારકામ હલકી ગુણવત્તાનું કરાયું હોવાનું નારણપુર, નવી વસવાટ,ભિલોડા કંપા, વાહનચાલકો સહિત આજુ-બાજુના ગ્રામ્યવિસ્તારોના પ્રજાજનોએ જણાવ્યું હતું. નારણપુર-નારસોલી,ભિલોડા કંપાના જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું કે,નારણપુર-નવી વસવાટથી ભિલોડા કંપા સુધીના અંદાજીત ૩ કિ.મી. માર્ગનું સમારકામ હલકી ગુણવત્તાનું કામકાજ કોન્ટ્રાક્ટર ધ્વારા કરાયું હોવાનું લોકમુખે ચર્ચાય છે.

નારણપુર-નવી વસવાટથી ભિલોડા કંપા ગામને જોડતો માર્ગનું તાજેતરમાં સમારકામ કરાયા પછી પણ બિસ્માર હોવાનું ગ્રામજનો ધ્વારા જાણવા મળેલ છે. નારણપુર-નવી વસવાટથી ભિલોડા કંપા સુધીના માર્ગ ઉપર ઉબડ-ખાબડ, ખાડા, લેવલીંગ જેવું કામ નહી કરાયાનો આ વિસ્તારના પ્રજાજનોમાં ભારે બુમરાણ સાંભળવા મળી રહી છે. નારણપુર-નવી વસવાટ, નારસોલી, ભિલોડા કંપા સહિત આજુ-બાજુના જાગૃત અને સામાજીક કાર્યકરો,વાહનચાલકોના જણાવ્યા મુજબ નારણપુર-નવી વસવાટથી ભિલોડા કંપા સુધીના ૩ કિ.મી.ના માર્ગનું સમારકામ બે નંબરીયા કોન્ટ્રાક્ટર ધ્વારા ટુંકાગાળામાં માત્રને માત્ર વ્હાઈટ પાવડર જેવો કોઈ પદાર્થ નાખી સમારકામ કરાયું હોવાનું ગ્રામજનો ધ્વારા જાણવા મળેલ છે. નારણપુર-નવી વસવાટથી ભિલોડા કંપા સુધીના ૩ કિ.મી.ના માર્ગની આજુ-બાજુ ગાંડા-બાવળોનું સામ્રાજ્ય પણ ફેલાયું હોવાનું વાહનચાલકો ધ્વારા જાણવા મળેલ છે ત્યારે વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે હટાવવા પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.

ભિલોડા તાલુકા નારણપુર-નવી વસવાટથી ભિલોડા કંપા સુધીના અંદાજીત ૩ કિ.મી.ના માર્ગનું વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા સત્વરે વ્યવસ્થિત રીતે સમારકામ યોગ્ય લાયકાત ધરાવતા ક્વોલીફાઈડ કોન્ટ્રાક્ટર ધ્વારા કરાવવામાં આવે તેવી નારણપુર, નારસોલી, ભિલોડા કંપાના ગ્રામજનો અને વાહનચાલકોની પ્રબળ લોકમાંગણી છે. ભિલોડા તાલુકાના નારણપુર, નારસોલી, ભિલોડા કંપાના ગ્રામજનો અને વાહનચાલકોએ જણાવ્યું હતું કે, વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ સત્વરે વ્યવસ્થિત રીતે સમારકામ પુનઃ નહી કરવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપવાનું રણશીંગુ ફુંકવામાં આવશે તેમ જાગૃત ગ્રામજનો ધ્વારા જાણવા મળેલ છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦